# પ્રસાર ભારતી
# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 03-07-2026 Day: Friday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈષ્ણવ** વાંચે છે.

---

## PM – ભારત અને જાપાન સમજૂતી કરાર

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, ભારત-જાપાનના સંબંધ અતિવિશેષ છે અને આર્થિક ભાગીદારીની સફળતાના અનેક ઉદાહરણ ઉપલબ્ધ છે. નવી દિલ્હીમાં ભારત-જાપાન સંયુક્ત આર્થિક મંચમાં શ્રી મોદીએ કહ્યું, જાપાનની કુશળતા અને રોકાણ તથા ભારતની ગતિ અને વ્યાપકતા સાથે આવતા સમગ્ર વિશ્વને લાભ થાય છે. તેમણે કહ્યું, ભારત અને જાપાને આજે આર્થિક સુરક્ષા, કૃત્રિમ બુદ્ધિમત્તા – A.I., સંરક્ષણ અને આરોગ્ય જેવા અનેક ક્ષેત્રમાં સમજૂતી કરાર કર્યા છે.

**---------------------------------------------------------------------------------**

## પેટ્રોલિયમ મંત્રી – ગ્રીનફિલ્ડ રિફાઇનરી

પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રી હરદીપસિંહ પૂરીએ કહ્યું, ભારત પોતાની રિફાઈનરી ક્ષમતાનું ઝડપથી વિસ્તરણ કરી રહ્યું છે. નવી દિલ્હીમાં પત્રકાર પરિષદને સંબોધતા શ્રી પૂરીએ કહ્યું, આગામી છથી 12 મહિનામાં દેશની રિફાઈનિંગ ક્ષમતાને 30 કરોડ મેટ્રિક ટન પ્રતિવર્ષ સુધી વધારાશે. તેમણે કહ્યું, 10 વર્ષના સમયગાળા બાદ પહેલી ગ્રીનફિલ્ડ રિફાઈનરી સ્થાપિત કરવામાં આવી રહી છે.

**---------------------------------------------------------------------------------**

## મહેસૂલી સેવાઓ ઓનલાઇન

રાજ્યમાં 21 મહેસૂલી સેવાઓ ગઇકાલથી ઓનલાઇન થઈ છે. ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ સેવાઓની શરૂઆત કરાવી. તેમણે કહ્યું, ટેકનોલોજીના માધ્યમથી વહીવટી વ્યવસ્થાને વધુ સ્માર્ટ અને પેપરલેસ બનાવવા iRCMS પોર્ટલ પર નવીન ઇ-ફાઇલીંગ સુવિધા શરૂ કરાઇ છે જેનાથી મહેસૂલી કેસ ઓનલાઈન નોંધાવી શકાશે.  કાર્યક્રમ દરમિયાન શ્રી પટેલે નવનિયુક્ત બે હજાર 389 મહેસૂલી તલાટીઓને નિમણૂક પત્રો એનાયત કર્યા હતા.

-----------------------------------------------------------------------------------------

## અમરનાથ યાત્રાનો પ્રારંભ

પવિત્ર શ્રી અમરનાથજી યાત્રાનો ગઇકાલથી પ્રારંભ થયો. 4 હજાર 822 યાત્રાળુઓના પ્રથમ સંઘને જમ્મુના ભગવતી નગર યાત્રી નિવાસ બેઝ કેમ્પથી ઉપરાજ્યપાલ મનોજ સિન્હાએ કડક સુરક્ષા વ્યવસ્થા વચ્ચે લીલી ઝંડી આપી. આકાશવાણી જમ્મુ સંવાદદાતાના અહેવાલ મુજબ, ઉપરાજ્યપાલે પહેલગામ અને બાલતાલના બે માર્ગ માટે યાત્રાળુઓના સંઘને પ્રસ્થાન કરાવ્યું.

-----------------------------------------------------------------------------------------

## કચ્છ – માદક પદાર્થની હેરાફેરીની સજા

કચ્છના દરિયાકાંઠે માદક પદાર્થની હેરાફેરીના ગુનામાં વિશેષ NDPS અદાલતે 18 પાકિસ્તાની અને એક  અફઘાની નાગરિકને 20 વર્ષની સખત કેદની સજા ફરમાવી છે. વર્ષ 2020, 2021 અને 2022 દરમિયાન અલગ-અલગ સંયુક્ત ઓપરેશનોમાં કરોડો રૂપિયાના માદક પદાર્થ સાથે ઝડપાયેલા કુલ 19 પાકિસ્તાની-અફઘાની નાગરિકને અદાલતે ગઇકાલે દોષિત ઠેરવ્યા. દોષિતોને 20 વર્ષની સખત કેદ

ઉપરાંત દરેક આરોપીને બે લાખ રૂપિયાનો દંડ કર્યો છે. બીજી તરફ, પુરાવાના અભાવે બે આરોપીને નિર્દોષ જાહેર કરાયા છે.

---------------------------------------------------------------------------------------------

## રાજ્યમાં વરસાદી માહોલ

રાજ્યમાં વિવિધ પાંચ વરસાદી સિસ્ટમ સક્રિય થતાં ગઇકાલે 140 તાલુકામાં વરસાદ નોંધાયો છે એમાંય દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં મેઘમહેર થઈ છે. જિલ્લામાં અસહ્ય ઉકળાટ વચ્ચે ગાંધીધામ સંકુલમાં ગઇકાલે બપોર બાદ અચાનક વાતાવરણમાં બદલાવ આવ્યા બાદ પ્રથમ આદિપુરમાં ભારે  વરસાદી ઝાપટું પડ્યા પછી ગાંધીધામમાં પણ મેઘરાજાનું આગમન થયું હતું. સિઝનનો પ્રથમ વરસાદ હોવાથી લોકોએ પણ થોડો આનંદ માણ્યો હતો  તેમજ અંજાર  શહેર અને તાલુકામાં પણ ધીમી ધારે આગમન બાદ ભારે ઝાપટું વરસતાં માર્ગો ઉપર પાણી વહી નીકળ્યાં હતાં.

તો સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતનાં જિલ્લાઓમાં અતિભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

---------------------------------------------------------------------------------------------

## મહેસૂલી તલાટીઓને નિમણૂક પત્રો

કચ્છમાં થોડા સમય પહેલાં મહેસૂલી તલાટીઓની જિલ્લા બહાર બદલી થતાં ખાલી પડેલી જગ્યાઓ પર ગઇકાલે સમગ્ર રાજ્યની સાથે કચ્છમાં પણ કલેક્ટરના હસ્તે નિમણૂકપત્ર આપવામાં આવ્યા હતા. કલેક્ટર અનિલ રાણાવસિયાએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, કચ્છને રેવેન્યૂ તલાટી ફાળવાયા બાદ ગાંધીનગર ખાતે

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલના હસ્તે સાત કર્મચારીને ભરતીના હુકમ આપવામાં આવ્યા હતા.

---------------------------------------------------------------------------------------

## અપૂરતા છાત્રોને મુદ્દે શાળાઓ બંધ કરવા આદેશ

કચ્છમાં નિયમ મુજબ અપૂરતા છાત્રોના મુદ્દે 45 જેટલી ખાનગી શાળા બંધ કરવા તંત્રએ આદેશ કર્યો છે. જિલ્લા શિક્ષણાધિકારી સંજય પરમારે આપેલી વિગતો મુજબ જિલ્લામાં 23 માધ્યમિક અને 22 પ્રાથમિક ખાનગી શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા નિયત ધારા-ધોરણ કરતાં ખૂબ જ ઓછી હોવાથી સંબંધિત શાળાઓમાં તપાસના અંતે નિયમ મુજબ વિદ્યાર્થીઓની સંખ્યા ન હોવાથી શાળા સંચાલકોને શાળા બંધ કરવા નોટિસ ફટકારવામાં આવી છે.

---------------------------------------------------------------------------------------

## વણકરો માટે કાયમી વેરહાઉસ

કચ્છના વણકરોને કાચો માલ મેળવવા માટે દૂર ન જવું પડે તે માટે છેલ્લાં બે વર્ષથી ખાસ ભુજ ખાતે કાયમી વેરહાઉસ કાર્યરત કરવામાં આવ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, સમગ્ર દેશના કુલ 39 મુખ્ય વેરહાઉસમાંથી બે ગુજરાતમાં (લીમડી અને ભુજ) છે,  કચ્છના વણકરો અને સહકારી મંડળીઓ વણકર ઓળખકાર્ડ  તેમજ e-Dhaga App ના માધ્યમથી સીધા ઓનલાઈન સંસ્થા સાથે જોડાઈ રહ્યા છે.

---------------------------------------------------------------------------------------